# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે , અમદાવાદ દેશની ખેલકૂદ રાજધાની બનશે**
2. **વિવિધ પાસાઓના અભ્યાસ માટે ઉદ્યોગ અંગેની સંસદીય સ્ટેન્ડિંગ સમિતિએ ગિફ્ટ સિટીની મુલાકાત લીધી**
3. **રાજ્યભરના 23 જિલ્લાઓના એક હજાર 384 કેન્દ્રો ઉપર મહેસૂલ તલાટીની પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન.**
4. **ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે પવન સાથે વરસાદની આગાહી.**
5. **દુબઇ ખાતે રમાયેલી એશિયા કપની ક્રિકેટ મેચમાં ભારતે પાકિસ્તાનને સાત વિકેટ પછાડ્યું.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ગઇકાલે બપોર બાદ યોજાયેલા વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, અમદાવાદ દેશની ખેલકૂદ રાજધાની, સ્પોર્ટ્સ કેપિટલ બનશે. તેમણે વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ કરતાં કહ્યું કે, સૌથી વધુ લાંબુ સ્વિમીંગ કરનાર વીર સાવરકર છે.

## બાઇટ- અમિત શાહ

825 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓના આયોજન માટે સંપૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ છે.

---

# INDUSTRIES COMMITTEE VIST GIFT CITY

ઉદ્યોગ પરની સંસદીય સ્ટેન્ડિંગ સમિતિએ ભારતના પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસીસ હબના વિવિધ પાસાઓનો વ્યાપક અભ્યાસ કરવા માટે ગઈકાલે ગિફ્ટ સિટીની મુલાકાત લીધી હતી. સમિતિના સભ્યોને ગિફ્ટ સિટીના મોડલ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ગિફ્ટ સિટી વૈશ્વિક સ્તરના માળખાગત સુવિધાઓ , ટકાઉ શહેરી આયોજન અને પ્રગતિશીલ નિયમનકારી માળખાના સમન્વય થકી ફાઇનાન્સ, ટેક્નોલોજી અને સંલગ્ન ક્ષેત્રોમાં વૈશ્વિક વ્યવસાયોને આકર્ષવા માટે સતત કાર્યરત છે.

સમિતિના સભ્યોએ ગિફ્ટ સિટીના ડિસ્ટ્રીક્ટ કૂલિંગ સિસ્ટમ, ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન સિસ્ટમ અને અંડરગ્રાઉન્ડ યુટિલિટી ટનલ જેવા અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રત્યક્ષ મુલાકાત લઈને તેના વિશે વિગતવાર માહિતી પણ મેળવી હતી.

---

## GSSSB-TALATI EXAM

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત મહેસૂલ તલાટી વર્ગ-3ની પ્રાથમિક પરીક્ષા ગઈકાલે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ. આ પરીક્ષા રાજ્યના 23 જિલ્લામાં કુલ 1 હજાર 384 કેન્દ્ર પર લેવાઈ હતી. પરીક્ષા માટે 3 લાખ 99 હજાર ઉમેદવારોએ પ્રવેશપત્ર ડાઉનલોડ કર્યા હતા.

પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે આ વખતે કડક પગલાં લેવામાં આવ્યા હતા. તમામ પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને CCTV કેમેરા દ્વારા લાઈવ મોનિટરિંગ કરાયું હતું.

---

## ANKLESHWAR FIRE

અંકલેશ્વરની પાનોલી જીઆઇડીસીમાં આવેલી સંઘવી ઓર્ગેનિક્સ કંપનીમાં લાગેલી ભીષણ આગ ભારે જહેમત બાદ કાબૂમાં આવી ગઇ હતી. આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આ આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોઈ શકાતા હતા. 10થી વધુ ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

આગના પગલે સંજાલી ગામના રહીશોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને ઘર છોડીને સુરક્ષિત સ્થળે જવાની ફરજ પડી હતી. જો કે આ ઘટનામાં કોઇ જાનહાની થઇ ન હોવાનું અંકલેશ્વર જીઆઇડીસીના નાયબ જિલ્લા પોલીસ વડા ડો. કુશલ ઓઝાએ જણાવ્યું હતું.

**બાઇટ- કુશલ ઓઝા,**

---

## SARDAR SANMAN YATRA

બારડોલીથી આરંભાયેલી સરદાર સન્માન યાત્રા આજે રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે પહોચશે. સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત યોજાયેલી આ યાત્રામાં ગાંધીનગરમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ સરદાર સન્માન યાત્રામાં સામેલ થશે . ગાંધીનગર પ્રભારી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ પણ સરદાર સન્માન યાત્રામાં જોડાશે

---

## GST REFORMS

વસ્તુ અને સેવા કર- GST પરિષદે કર માળખામાં ઘટાડાની જાહેરાતને સમગ્ર રાજ્યમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. નાના વેપારીઓથી લઈ મોટા ઉદ્યોગપતિઓ તેમજ સામાન્ય નાગરિકોએ કેન્દ્ર સરકારના આ નિર્ણયને મહત્વનો ગણાવ્યો છે.

વડોદરાના વાઘોડિયામાં રહેતા જિતેન્દ્રસિંહ ઠાકોરે કહ્યું, આ નિર્ણયથી સામાન્ય નાગરિકોને ઘણો લાભ થશે. તેમણે આ નિર્ણય બદલ સરકારનો આભાર પણ વ્યક્ત કર્યો.

(BYTE: JITENDRASINH THAKOR)

---

## DIU MAHILA AYOG

રાષ્ટ્રીય મહિલા આયોગનાં અધ્યક્ષ વિજયા રાહટેકરની અધ્યક્ષતામાં કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વણાકબારા ખાતે "સંકલ્પ સે સિદ્ધિ કાર્યક્રમ યોજાયો.

આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યઅતિથિ તરીકે ઉપસ્થિત સુશ્રી રહાટકરે આયુષ્યમાન આરોગ્ય મંદિરની મુલાકાત લઈ અને માહિતી મેળવી અને આરોગ્ય મંદિરની પ્રશંસા કરી. ત્યારબાદ તેમણે આંગણવાડીની બહેનો દ્વારા તૈયાર કરાયેલી પોષણયુક્ત વાનગીઓનું નિરિક્ષણ કરી તેમાંથી મળતા પોષકતત્વ અંગે માહિતી મેળવી.

(બાઈટ-- રાષ્ટ્રીય મહિલા આયોગનાં અધ્યક્ષ વિજયા રાહટેકર)

---

## WEATHER

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના છુટાછવાયા વિસ્તારોમાં વરસાદ વરસી શકે છે.

આજથી 17 સપ્ટેમ્બર દરમિયાન સુરત ,નવસારી અને તાપીમાં વરસાદની શક્યતા છે. આ વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસી શકે છે . જ્યારે ભાવનગર, અમરેલી,ગીર સોમનાથમાં પણ આજથી ત્રણ દિવસ દરમિયાન વરસાદ વરસે તેવી સંભાવના છે.

---

## ASIA CUP

ભારતે એશિયા કપ ગ્રુપ A ક્રિકેટ મેચમાં પાકિસ્તાનને પછાડ્યું. ગઈકાલે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પાકિસ્તાનને સાત વિકેટે હરાવીને ભારત સુપર ફોરમાં સ્થાન સુનિશ્ચિત કરવાની નજીક પહોંચી ગયું છે. ટોસ જીતીને પહેલા બેટિંગ કરતા પાકિસ્તાનની ટીમ 19 ઓવરને 3 બોલમાં માત્ર 126 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી કુલદીપ યાદવે 3, અક્ષર પટેલ અને જસપ્રીત બુમરાહે 2-2 તથા હાર્દિક પંડ્યા અને વરુણ ચક્રવર્તીએ 1-1 વિકેટ ઝડપી હતી.

ભારતીય ટીમે બેટિંગ કરતાં ઓપનર અભિષેક શર્માના માત્ર 13 બોલમાં 31 રન અને કેપ્ટન સૂર્યકુમાર યાદવના અણનમ 47 રનની મદદથી 25 બોલ બાકી હતાને જીત મેળવી લીધી.મેચ બાદ કપ્તાન સૂર્યકુમાર યાદવે પહલગામ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરીને આ જીત ભારતના સશસ્ત્ર દળોને સમર્પિત કરી. તેમણે કહ્યું કે ભારતીય ટીમ પીડિતોના પરિવારો સાથે ઉભી છે અને સૈન્યના જવાનોની સાથે છે.

---

## PM UJJWALA YOJANA

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાએ કેન્દ્ર સરકારની એક મુખ્ય યોજનાઓમાંથી એક છે. તેનો ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓને નિઃશુલ્ક LPG ગેસનો બાટલો આપવાનો છે. ડાંગનાં એક લાભાર્થી મહિલાએ આ યોજનાને ઘણી સારી ગણાવી તેમજ સરકારનો આભાર પણ વ્યક્ત કર્યો.

**(બાઈટઃ લાભાર્થી મહિલા)**

---

## KACHCH-BHUJ PM-USHA PROJECT WRITING SEMINAR

કચ્છમાં ભુજની આર.આર.લાલન કોલેજ ખાતે પીએમ-ઉષા પ્રોજેક્ટના ઉપક્રમે સંશોધનમાં લેખન કૌશલ્યના વિકાસ અંગે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો.જેમાં વિદ્યાર્થીઓમાં સંશોધન ક્ષમતાઓના વિકાસની સાથે કૌશલ્ય વિકસાવવા અંગે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન અપાયું હતું.

આ સેમિનારમાં કચ્છ યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી સહિતની રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજોના વિવિધ વિષયના પીએચ.ડી. , અનુસ્નાતક તથા સ્નાતક કક્ષાના વિધાર્થીઓ સહભાગી બન્યા હતા.

---

## AMDAVAD-BALIKA PANCHAYAT

અમદાવાદના બાવળામાં ભાયલા ગામે દસ દિવસીય જાગૃતિ અભિયાન અંતર્ગત બાલિકા પંચાયત તાલીમ યોજાઈ.

આ તાલીમમાં બાલિકાઓમાં આત્મવિશ્વાસ અને નેતૃત્વ કૌશલ્ય વિકસાવવાના હેતુથી તેમને હકો અને જવાબદારીઓ વિશે માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત બાળલગ્ન પ્રતિબંધ, શિક્ષણ, આરોગ્ય અને પોષણ અંગે પણ માહિતી પૂરી પડાઈ હતી.

---